1. અલાહાબાદ અભિલેખ વિશે માહિતી આપો.

- ચંદ્રગુપ્ત પ્રથમના અવસાન પછી તેનો પુત્ર સમુદ્રગુપ્ત સત્તાસ્થાને આવ્યો. સમુદ્રગુપ્તનો ઇતિહાસ જાણવા માટે અલાહાબાદનો સ્તંભ પ્રશસ્તિલેખ ખાસ મહત્વ ધરાવે છે. સમ્રાટ અશોકના સ્તંભ પર નીચેની ખાલી જગ્યામાં સમુદ્રગુપ્ત પોતાનો લેખ કોતરાવ્યો હતો. આ 'પ્રયાગપ્રશસ્તિ' સમુદ્રગુપ્તના રાજ કવિ હરિપેણે સંસ્કૃત ભાષામાં રચી છે, તે 33 વાક્યોનો છે. પ્રયાગપ્રશસ્તિ(અલાહાબાદ અભિલેખ) માં સમ્રાટ સમુદ્રગુપ્તના દિગ્વિજયો અને સાંસ્કૃતિક સિદ્ધિઓ શુદ્ધ, આલંકારિક અને ઉચ્ચ ભાષામાં લખાયેલા છે. રાજ કવિ હરિયેશ 'પ્રયાગપ્રશસ્તિ'માં સમુદ્રગુપ્તને તેના સંગીત-પ્રેમ સાથે 'દેવર્ષિ નારદ' અને 'તુમ્બ'ને શરમાવે તેવો 'સંગીતજ્ઞ' કહે છે.

2. ગુપ્તાના સિક્કાઓ વિશે ખ્યાલ આપો.

- ચંદ્રગુપ્ત પ્રથમના સોનાના સિક્કાઓ નોંધપાત્ર છે. તેણે લિચ્છવી રાજ કુમારી કુમારદેવી સાથે લગ્ન કર્યાની યાદમાં, સુવર્ણ સિક્કાઓ અને મુદ્રામાં કોતરાવ્યાં હતાં. રેખા સિક્કાઓ 'રાજા-રાણી પ્રકીર', 'વિવાહ પ્રકાર' અને 'લિચ્છવી' પ્રકાર તરીકે જાણીતા છે. તે ઉત્તર પ્રદેશના મથુરા, અયોધ્યા, બધાના, વારાણસી તેમાં સીતાપુરમાંથી મોટા પ્રમાણમાં મળી આવ્યા છે. આમાંના લિચ્છવી પ્રકાર ના સિક્કા ગુપ્તયુગના સૌપ્રથમ ગણાય છે. રામગુપ્તના સમયનો તાંબાની બાર સિક્કા એરણથી મળ્યા છે. ચંદ્રગુપ્ત દ્વિતીયના ગરુડના ચિહ્ન અને 'પરમભાગવત' સિક્કાઓ મળી આવ્યા છે.
- આ સિક્કાઓ અને મદ્રાઓ જે-તે રાજાનો સમય દેશવિતા , કાળગણના માટે ઉપયોગી છે. આ સિક્કાઓ રાજાના સામ્રાજ્ય વિસ્તારનો સ્પષ્ટ અને વિકાસ નિર્દેશ કરતા હોવાથી ઐતિહાસિક માહિતી માટે આધારે ગણાય છે. સમુદ્રગુપ્તના વીણા વગાડતા સોનાના સિક્કા ગુપ્તયુગમાં સંગીત મહત્ત્વ દર્શાવે છે. ગુપ્ત રાજાઓએ અશ્વમેધ યજ્ઞની મુદ્રાઓ પ્રચલિત કરી હતી. વિષ્ણુ અને ભગવાન શંકરની પૂજા, ઉપાસના સાથે સંકળાયેલી મુદ્રાઓ અને સ્થાપત્યો મોટા પ્રમાણમાં મળી આવ્યાં છે. આમ, સિક્કાઓ અને મુદ્રાઓ ગુપ્તકાલીન કલાના મહત્ત્વપૂર્ણ પુરાવાઓ છે.

3. ગુપ્તકાલીન અર્થવ્યવસ્થાનો ચિતાર આપો.

- ગુપ્ત સમ્રાટોએ સ્થાપેલી પ્રજાકલ્યાણકારી અને કાર્યક્ષમ શાસનવ્યવસ્થાને કારણે પ્રજાની આર્થિક સ્થિતિ સુધરવા લાગી હતી. 1. કૃષિ : આ સમયમાં ખેતી અને પશુપાલનક્ષેત્રે સ્થિતિ ખૂબ જ સારી હતી. ખેતી પર જમીનમહેસુલ ઊપજના 1/6 ભાગ જેટલું હતું. રાજ્ય તરફથી સિંચાઈની સુવિધાને કારણે ઘઉં, ચોખા, જવ, બાજરી, કઠોળ, તેલીબિયાં, શાકભાજી, ફળફળાદિ, કપાસ, શેરડી વગેરે પાક પકવવામાં આવતા હતા. ખેતીની જમીન પર ખેડૂતનો જ અધિકાર હતો. ગ્રામપંચાયત જેવી સ્થાનિક સંસ્થાઓની પરવાનગી વગર જમીન વેચી શકાતી નહિ. ગુપ્તયુગના અભિલેખોમાં જમીનના વિવિધ પ્રકારના ઉલ્લેખ છે. ખેડાતી જમીનને ક્ષેત્ર કહેતા અને પડતર જમીનને 'અપ્રહત' કહેતા. રાજાની ફરજ હતી કે તે પડતર જમીનને કૃષિ માટે યોગ્ય બનાવે.જમીનનું વર્ગીકરણ તેની ફળદ્રુપતા અને ઉપયોગિતાના આધારે કરવામાં આવતું.
- જમીનની માપણી માટે 'નિવર્તન', 'કુલ્યવાન' અને 'દ્રોણવાય' શબ્દો વપરાતા. ગુપ્ત સામ્રાજ્યમાં સિંચાઈને મહત્ત્વ આપવામાં આવ્યું હતું. સ્કંદગુપતાની સમયમાં સૌરાષ્ટ્રના સુદર્શન તળાવ'નું સમારકામ થયું હતું.

કૂવામાંથી પાણી ખેંચવાની પદ્ધતિ પ્રચલિત હતી, જેને 'ઘટ્ટીયંત્ર' કે 'અરઘટ્ટ' (વર્તમાનની રહેંટ પદ્ધતિ) કહેતા. આ પદ્ધતિ દ્વારા થતી સિંચાઈનું વર્ણન 'બાણભટ્ટના હર્ષચરિત'માં છે.

- આ પદ્ધતિથી શેરડીનો પાક પકવવામાં આવતો હતો. બંગાળમાં જળાશયોમાં વરસાદના પાણીનો સંગ્રહ કરવામાં આવતો. ધર્મ સંસ્થાઓને જમીન ભેટમાં આપવામાં આવતી, જેને "ધર્મદેય" અધિકારીઓને પુરસ્કારરૂપે જમીન ભેટ આપવામાં આવતી. જમીનદારોની સરખામણીમાં બે નાની સ્થિતિ સારી ન હતી. 'ભૂમિદાન'ની પ્રથાને કારણે ખેડૂતોનો સામાજિક દરજ્જો નિમ્ન કક્ષાનો બન્યો. ખેતીમાં ગુલામીપ્રથા હતી, તેમનું આર્થિક શોષણ થતું. વાત્સાનના 'કામ'માં ભલીકા (જમીનદારી)ની યાતનાઓનો ભોગ બનનાર દાસ દાસીઓનું દયદ્રાવક વર્ણન છે.
- વેપાર અને ઉધોગ : ગુપ્તયુગ દરમિયાન વેપાર અને ઉદ્યોગક્ષેત્રે સારો વિકાસ થયો હતો. સમગ્ર સામ્રાજ્યમાં આંતરિક અને બાળા કક્ષાનો વેપાર વિકસ્યો ગામ અને શહેરી વિસ્તારોમાં વેપારીઓ પર નિયંત્રણ રાખવા કોષ્ઠીઓની શ્રેણી (મંડળો) તથા ચીજવસ્તુઓની હેરફેર કરનાર તેમજ વેચાણ કરનારાઓ પર દેખરેખ રાખવા સાર્થવાહની શ્રેણી હતી. જમીનમાર્ગનો વેપાર મુખ્યત્વે બળદગાડા, ઊંટગાડાં તથા પાલક પશુઓની પોઠ (વણઝાર) દ્વારા થતો હતો. જળમાર્ગે વિશાળ વહાણોનું પ્રચલન હતું. ઉજ્જૈન, મથુરા, અહિત્ર , કોશોમ્બી, પ્રયાગ, વારાણસી, વૈશાલી , પાટલિપુત્ર અને તીશિલા મુખ્ય વેપારી મથકો હતાં. ભૃગુકચ્છ (ભરૂચ) , સ્તંભતીર્થ (ખંભાત), કલ્યાણ , તામ્રલિપ્તિ અને ચોલ બંદરો મારફતે જાવો, સુમાત્રા,ચંપા, રોમ તથા યુરોપના દેશો સાથે વેપાર થતો. તે સમયમાં સોનું, ચાંદી, જસત, તાંબુ, ખારેક, કપૂર અને ઘોડા વગેરે  પ્રતિકૂળ સંજોગોમાં પણ ગુપ્ત સામ્રાજ્યને કંદગુપ્ત ટકાવી રાખ્યું હતું. પ્રો. જયસ્વાલ અને પ્રો. દકિર અંદગુપ્તને છેલ્લા મહાન 'ગુપ્ત સમ્રાટ' તરીકે બિરદાવે છે. તેના અવસાન પછી ગુપ્ત સામ્રાજ્યની પડતી શરૂ થઈ.

### 4. ગુપ્ત સામ્રાજ્યનું પતન શાથી થયું?

- સકંદગુપ્તના અવસાન પછી તેના મોટા ભાગના ઉત્તરાધિકારીઓને વિશાળ ગુપ્ત સામ્રાજ્યને યોગ્ય રીતે સંભાળવામાં નિષ્ફળ પુરવાર થયો. સ્કંદગુપ્ત પછી ગુપ્તકાળના કોઈ સિકકાઓ, મુદ્રાઓ કે અભિલેખો ન મળતા નથી. માથી ઉત્તર કાલીન રાજવીઓ મિહિર કલ અને તોરમાણ જેવા હૂણોનાં આક્રમણોને કારણે આર્થિક રીતે ઘસાઈ ગયા હશે. તેઓના હાથમાંથી પશ્ચિમ ભારતના મોટી આવક આપતો પ્રદેશો નીકળી જતાં તેમને સાવ નિર્બળ બની ગયો હતો. રાજકુટુંબોમાં ચાલતા આંતરિક વિખવાદો તેમજ પ્રાંતીય માંડલિકો અને સામંતોના બળવાઓ પણ ગુપ્ત સામ્રાજ્યના પતન માટે જવાબદાર હતા.
- ઉત્તર ભારતમાં થાણેમારના રાજાઓએ પંજાબથી છેક કનૌજ સુધી પ્રભાવ જમાવતાં ગુપ્ત સમ્રાટોની સત્તા, સમૃદ્ધિ અને સીમા મર્યાદિત બની ગયાં. લશ્કર ના પગાર અને દાનધર્મપેટે ગામો આપવાની પ્રથાથી રાજ્યની આવકને અસર થઈ. ઓમ છતાં, ગુપ્ત સમ્રાટોની સત્તા ઈ. સ. 500 સુધી ટકી રહી અને વિષ્ણુગુપ્તના સમયમાં અસ્ત પામી. ત્યારપછી વલભીના મૈત્રકો, રાજપૂતાનાના ગુર્જર પ્રતિહાર, કનોજના મૌખરી અને થાણેશ્વરના વર્ધન જેવા નવા નવા રાજવંશોનો ઉદય થયો. ઈ. સ. ની પાંચમી સદીના અંત ભાગમાં હુણોના નેતા તોરમાણે પશ્ચિમ ભારત અને મધ્ય ભારત સુધી યુદ્ધો કરી ગુપ્ત સામ્રાજ્યને નુકસાન પહોંચાડ્યું. તેના પુત્ર મિહર કુલે માળવા અને તેની આજુબાજુના વિસ્તારમાં સત્તા જમાવી.

5. ગુપ્તકાલીન સમાજની સમજૂતી આપો.

- ગુપ્ત શાસનકાળ દરમિયાનનો સમાજ પરંપરાગત ચાર વર્ણોમાં વહેંચાયેલો હતો, સમાજમાં બ્રાહ્મણો સર્વોચ્ચ સ્થાને હતા. વિદેશીઓ ભારતીય જનસમાજના એક ભાગરૂપ બની ગયા હતા. સમાજમાં ગુલામીપ્રથા અને વૈધવ્યપ્રથા પ્રચલિત હતી. મોટા ભાગના લોકોનો મુખ્ય ખોરાક દૂધ અને તેની બનાવટો તથા ઘઉં, જવ, ચોખા, ફળો અને શાકભાજી હતો. પુરુષો અંગરખું, ધોતિયું અને પાપડી પહેરતા તથા મહિલાઓ સાડી પહેરતી. લોકો સુતરાઉ તથા રેશમી વસ્ત્રોનો ઉપયોગ કરતા હતા. મહિલાઓ અને પુરુષો પાન, મુખવાસ, સુગંધિત દ્રવ્યો અને સૌદર્યપ્રસાધનોનો ઉપયોગ કરતાં હતાં.
- શરદપૂર્ણિમા, કૌમુદી મહોત્સવ, વસ્તૃતોત્સવ, હોળી, દિવાળી, દશેરા વગેરે ઉત્સવો અને તહેવાર ની ધામધૂમ થી ઉજવણી થતી. મનોરંજનના સાધનોમાં પશુ પક્ષીની સાઠમારી નૌકા , રથ અને અશ્વ ની દોડ તથા જુગાર, નૃત્ય, સંગીત,વગેરે પ્રચલિત હતી. સમાજમાં મહીલાનુ સ્થાન ઊચું , સ્વંત્રત અને ગૌરવભર્યું હતું. સમાજવ્યવસ્થાની જાળવણીની જવાબદારી રાજાની હતી. લશ્કર માં વિદેશી યોધ્ધા ઓ ને અર્ધ ત્રિય કે 'પતિત ક્ષત્રિય' કહેતા.

6. ગુપ્તકાલીન ભારતની ધાર્મિક સ્થિતિનું વર્ણન કરો.

- વૈષ્ણવ ધર્મ એ ગુપ્ત સમ્રાટોનો રાજધર્મ હતો. તેઓ પોતાને 'પરમમાગવત' કહેવડાવતા અને ગરુડના પ્રતીકવાળો ધ્વજ ધરાવતા હતા , મોર્યયુગ દરમિયાન મંદ પડી ગયેલી યજ્ઞયાગાદિની પ્રવૃત્તિઓ ગુપ્તયુગમાં ફરી વાર પ્રચલિત બની, યુદ્ધમાં વિજય મળતા રાજાઓ અશ્વમેધ જેવા મોટા યજ્ઞો કરતા. તેઓ વિષ્ણુ તેમજ શિવનાં મંદિરો બંધાવતા, ગિરનાર તેમજ એરણના અભિલેખોના આરંભમાં વિષ્ણુની સ્તુતિ કરવામાં આવી છે.
- રાજયમાં વિષ્ણુના દસ અવતારોની પૂજા થતી અને ગરીબો તથા બ્રાહ્મણોને દાન-પુણ્ય આપવામાં આવતાં. હિન્દુ દેવી-દેવતાઓની છાપવાળા સિક્કા અને મુદ્રાઓ કોતરાવવામાં આવ્યાં હતાં. ગુપ્ત સમ્રાટો હિન્દુ ધર્મના અનુયાયી હોવા છતાં તેઓ ઉદાર અને ધર્મસહિષ્ણુ હતા. બૌદ્ધ અને જૈન ધર્મના સાધુ, સંતો અને અનુયાયીઓને પણ તેઓ દાન-ધર્મ અને જરૂરી સહાય પૂરી પાડતા. સમુદ્રગુપ્ત સિલોનના રાજા મેઘવર્ણને બોદ્ધ યાત્રિકો માટે બોધિગયામાં વિહાર બાંધવાની પરવાનગી આપી હતી. તેણે પોતાનાં સંતાનોના શિક્ષણ માટે વિદ્વાન બોદ્ધ સાધુ વસુબંધુને નિયુક્ત કર્યા હતા. કુમારગુપ્ત નાલંદાના બોદ્ધ મઠને વિદ્યાધામમાં ફેરવ્યું હતું. ચંદ્રગુપ્ત દ્વિતીયે પોતાના સેનાપતિપદે આગ્ર કારદેવને રાખીને તથા સમુદ્રગુપ્ખે અસંગ અને વસુબંધુને રાજ્યાશ્રય આપીને સર્વધર્મસમભાવનું ઉદાહરણ પૂરું પાડ્યું હતું.
- કુમારગુપ્તના ઉદયગિરિ લેખમાં ઉલ્લેખ છે કે તેણે શંકર નામના જેનું ભક્ત માટે પાનાથ ભગવાનના પૂજન - અર્જનનો પ્રબંધ કર્યો હતો . આ સમયમાં તાંત્રિક વિદ્યાનો ઉદય થયો હતો. નેપાળ, અસમ, બંગાળા, ઓડિશા અને મધ્ય ભારત તથા દક્ષિણ ભારતમાંથી આ અંગેના પુરાવાઓ પ્રાપ્ત થયા છે. બ્રાહ્મણોએ પણ જનજાતીય દેવીઓ અને દેવતાઓ તથા તેમના કર્મકાંડોને સ્વીકાર્યા હતા. આમ, તંત્રવાદનો ઉદય એ બ્રાહ્મણ અને જનજાતિ પ્રજાનો મિશ્રણ હતાં . તંત્રવિદ્યામાં મહિલાને શક્તિનું કેન્દ્ર દેશવવામાં આવતું હતું. તંત્રવિદ્યાના સિદ્ધાંતોનો તમામ ધમાં પર પ્રભાવ પડ્યો હતો. શિવ, વૈષ્ણવ, બોદ્ધ અને જૈન ધર્મોમાં તંત્રવિદ્યાના પરિણામે શક્તિપુજાનો પ્રારંભ થયો હતો.

7. થાણેશ્વરના પુષ્પભૂતિવશના રાજાઓની માહિતી આપો.

- ઈ. સ. 580થી 647 સુધી થાણેશ્વર (વર્તમાન હરિયાણા કરી કે જનપદ) ખાતે પુણ્યભૂતિવંશના રાજાઓની સત્તા રહી. પુષ્યભૂતિ આ વંશની સ્થાપક હતો. હર્ષવર્ધનના રાજ કવિ બાણભટ્ટ રચિત ‘હર્ષચરિત’માં આ રાજાઓ વિશે વિસ્તૃત માહિતી આપવામાં આવી છે. બાંસખેડા અને મધુવાનના અભિલેખો તથા નાલંદા અને સોનપદમાંથી મળેલા સિક્કાઓ પરથી આ વંશના ચાર રાજાઓ નરવન રાજ્યવર્ધને પ્રથમ, આદિત્યવર્ધન અને પ્રભાકરવર્ધન અંગેની માહિતી મળે છે.
- 1. પ્રભાકરવર્ધન (ઈ. સ. 580થી 605) : બાણભટ્ટે ‘હર્ષચરિત’માં પ્રભાકરવર્ધન માટે ‘પરમભટ્ટારક’ અને ‘મહારાજાધિરાજ’ જેવાં આલંકારિક બિરદોનો ઉપયોગ કર્યો છે. તે પરથી લાગે છે કે પ્રભાકરવર્ધને હુણો, સિંધી ગુર્જરો, માળવા અને ગાંધારના રાજાઓ પર આધિપત્ય સ્થાપીને તેમને ખડિયા રાજાઓ બનાવ્યા હશે. માળવાના રાજ મારો કુમારગુપ્ત અને માધવગુપ્ત તેના દરબારમાં હાજર હોવાનો ઉલ્લેખ છે. પ્રભાકરવર્ધને પોતાની રાજકીય સ્થિતિ મજબૂત કરવા માટે કનોજના રાજા ગુપ્તવમન સાથે પોતાની પુત્રી રાજ્યશ્રીનાં લગ્ન કર્યા હતાં. પ્રભાકરવર્ધન અને રાણી યશોમતી યોંપાસક અને પ્રજાવત્સલ હતા.
- 2. રાજ્યવર્ધન (ઈ. સ. 605થી 606) : પ્રભાકરવર્ધનનું અવસાન થતાં તેનો મોટો પુત્ર રાજ્યવર્ધન ગાદીએ આવ્યો. માળવાના રાજા દેવગુપ્ને કનોજ પર હુમલો કરી ગૃહવમેનની હત્યા કરી અને રાજ્યશ્રીને કેદ કરી. રાજ્યવર્ધને માળવો જઈ દેવગુપ્તને હરાવીને તેનો વધ કર્યો. આથી દેવગુપ્તના મિત્ર ગૌડ રાજવી શશાંકે રાજ્યવર્ધનને મંત્રણાના બહાને બોલાવીને તેનો વધ કર્યો.
- 3. હર્ષવર્ધન (ઈ. સ. 600થી 647) : કુમાર અવસ્થામાં જ તેને માથે થાણેશ્વર અને બહેનના રાજ્ય કનોજની જવાબદારીઓ આવી. વિજયયાત્રા દ્વારા હર્ષવર્ધને થાણેશ્વરના નાનકડા રાજ્યમાંથી એક વિશાળ સામ્રાજ્ય ઊભું કર્યું.